ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૭ ટકા

# આજે શહેરમાં ‘રન ગાંધીનગર રન’ યોજાશે

**દ્વિતિય હાફ મેરેથોન ૨૧.૦૯૭ કિમીની તથા ૭ કિમીની ડ્રિમ રન યોજાશે : હજારો દોડવીરો ભાગ લેશે : પ્રથમ દસ દોડવીરોને ઈનામોથી સન્માનાશે**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં તા. ૨૯મી જાન્યુઆરી રવિવારે સવારે ‘રન ગાંધીનગર રન’નુ આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત શહેરમાં દ્વિતિય હાફ મેરેથોન તથા ડ્રિમ રન યોજાશે. આ દોડનો પ્રારંભ ઘ-૫ ખાતેથી સવારે ૬.૦૦ કલાકે કરવામાં આવશે. આ દોડમાં મોટી સંખ્યામાં દોડવીરો જોડાશે.

ગાંધીનગર રનર્સ ગૃપ દ્વારા આયોજિત ‘રન ગાંધીનગર રન’ ના પ્રારંભ સમારોહમાં રાજયના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ધારાસભ્ય શંભુજી ઠાકોર, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ દોડમાં યોજાનાર દ્વિતિય હાફ મેરેથોન કુલ ૨૧.૦૯૭ કિમીની રહેશે જયારે ડ્રિમ રન ૭ કિમીની રહેશે. ‘રન ગાંધીનગર રન’ ઘ-૫ થી પ્રારંભ થઈ ઘ-૪ સર્કલ, દાંડી કુટિર થી પરત થઈ ચ-૨ થી સેકટર-૧ના તળાવે થઈને એજ માર્ગે પરત ફરશે. મેરેથોન દોડમાં ૯૦થી વધારે અને ડ્રિમ રનમાં ૧ હજારથી વધારે દોડવીરો ભાગ લેશે. આ દોડમાં ગાંધીનગર રનર્સ ગ્રુપ ઉપરાંત અમદાવાદ અને વડોદરાના રનર્સ ગ્રુપ પણ સામેલ થશે. આ દોડનો મુખ્ય હેતુ શહેરીજનોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધારવાનો છે. આ દોડના આયોજન માટે ગાંધીનગર રનર્સ ગ્રુપના બ્રજેશકુમાર, ડૉ. ગુંજન જૈન, કેયુર કાછલીવાલ, સંજય થોરાત તથા અન્ય સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. તમામ દોડવીરોને ફિનિશર્સ મેડલ્સ ઉપરાંત ૧ થી ૧૦ ક્રમાંકના વિજેતાઓને ઈનામોથી સન્માનાશે.

## બાવીસી ઔદિચ્ય સહસ્ત્ર મંડળ દ્વારા સમૂહ યજ્ઞોપવિતનો કાર્યક્રમ

બાવીસી ઔદિચ્ય સહસ્ત્ર મંડળ અમદાવાદ દ્વારા આજે સે-૧૭ રંગમંચ ખાતે સમૂહ યજ્ઞોપવિત સંસ્કારવિધિ તેમજ ઈનામ વિતરણ તેમજ સન્માન સમારંભના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે સવારે ૮ વાગે ગ્રહશાંતિ, ૧૦ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર વિધિ તેમજ બપોરે ઈનામ વિતરણ અને સાંજે ૪.૦૦ કલાકે બટુક યાત્રા યોજવામાં આવશે. આ પ્રસંગે ઉત્તર ગુજરાત બારગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ હર્ષદ મગનલાલ પટેલ, ભાગવત આચાર્ય કૃણાલ રાજેન્દ્રભાઈ જોષી, પ્રિતિ ધવલ દવે તેમજ લાયન્સ ઈન્ટરનેશનલ કલબ ગાંધીનગરના પ્રમુખ નિમેષભાઈ મનુભાઈ રાવલ હાજરી આપશે. બાવીસી ઔદિચ્ય સહસ્ત્ર મંડળ અમદાવાદના પ્રમુખ કનૈયાલાલ જોષી, ઉરેન વ્યાસ, કમલભાઈ જોષી, કનુભાઈ રાવલ સહીતના સમાજના આગેવાનો હાજરી આપશે.

## ચરેડી ખાતે નેત્ર નિદાન યજ્ઞમાં ૨૫૨ દર્દીઓને નિઃશુલ્ક ચશ્મા



ગાંધીનગર, તા.૨૮

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર અને જિલ્લા અંધત્વ નિયંત્રણ સમિતિ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આજ રોજ ચરેડી છાપરા ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાઈ ગયો. કાર્યક્રમનો શુભારંભ અશોકભાઈ પટેલ (ધારાસભ્ય), શ્રીમતી હર્ષાબા ધાંધલ, શ્રીમતી બરખાબેન ઝા (કોર્પોરેટર), કેતનભાઈ ધોળુ, વિજયભાઈ પટેલ (બિલ્ડર)ના શુભ હસ્તે કરાવવામાં આવ્યો હતો.

કેમ્પમાં કુલ ૨૫૨ દર્દીઓ તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૨૧૨ દર્દીઓને નિઃશુલ્ક ચશ્મા આપવામાં આવ્યા હતા અને ૯ દર્દીને મોતિયાનું ઓપરેશન સિવિલ હોસ્પિટલ તરફથી કરી આપવામાં આવશે. ડોકટર તરીકે શ્રીમતી શિલ્પાબેન ભટ્ટ તરફથી અને તેમના સાથી ડૉકટરો તરફથી સેવા આપવામાં આવી હતી. તેમજ કેમ્પમાં વ્યવસ્થા માટે ભારત વિકાસ પરિષદના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સરગાસણ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ધામધૂમથી ઉજવણી







ગાંધીનગરના પાદરે આવેલ સરગાસણ ગામની સરકારી પ્રાથમિક શાળામાં ૬૮માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાથી આવેલ ગામની સૌથી વધુ ભણેલી દિકરી કિંજલ ચેહુજી વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે ગામના સરપંચ ગીતાબેન પ્રજાપતિ, ડેપ્યુટી સરપંચ ત્રિકમભાઈ પ્રજાપતિ તથા પંચાયતના તમામ સભ્યો, એસએમસી અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન જોષી તથા સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ ૭૦ બાળકોને સરપંચ દ્વારા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટીસીએસ કંપનીના સ્વયંસેવકો દ્વારા પણ એક મૂક અભિનય નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

## પ્રજાસત્તાક દિને પ્રજ્ઞાચક્ષુ દિકરીઓના ચહેરા પર સ્મિતનું સર્જન



ગાંધીનગર, તા.૨૮

બાળકોના મનમાં ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગષ્ટ જેવા રાષ્ટ્રીય પર્વોનું વિશેષ મહત્વ હોય છે. સર્જન એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આ ૨૬મી જાન્યુઆરીએ સે-૧૬ની અંધશાળામાં વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત ટ્રસ્ટના કારોબારી સભ્યો સહિત કાર્યકરોએ પોતાના ખિસ્સામાંથી ફંડ એકત્ર કરી અંધશાળાની ૧૮ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ દિકરીઓને તદ્દન નવા નક્કોર ડ્રેસ સીવડાવીને વિના મૂલ્યે આપ્યા હતા. આમ આ બાળાઓના ચહેરા પર સ્મિત રેલાવીને ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક દિનની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ કાર્યમાં ટ્રસ્ટના પ્રમુખ વિનોદ મેણાત સાથે ટ્રસ્ટના સભ્યો પાયલબેન મેણાત, મહેન્દ્ર ભરાડા, સુરેશ મેણાત, કલ્પેશ પાંડોર તેમજ સેવાભાવી કાર્યકરો વિક્રમસિંહ ખાચર, હિંમતભાઈ, કિરીટ પરેરા, મિહિર પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના સભ્યોએ અંધશાળાના બાળકોને ચોકલેટસ ખવડાવી મ્હોં મીઠું કરાવ્યું હતું. શાળા પરીવારે સર્જન ટ્રસ્ટ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

## ઉમા ભવન ખાતે કડવા પાટીદાર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાયો

ગાંધીનગર, તા.૨૮

કડવા પાટીદાર સમાજ અને જીવનસાથી નોંધણી સેવા કેન્દ્રના સંયુકત ઉપક્રમે સાતમો જીવન સાથી પસંદગી પરિચય મેળો ૨૬મીએ ઉમાભવન હોલ ઉમિયા માતા મંદિર સેકટર-૧૨ ખાતે યોજાયો હતો.

આ જીવનસાથી પસંદગી મેળામાં મુખ્ય મહેમાન તરીકે પરેશભાઈ પટેલે જીવનસાથી પસંદગી મેળો વારંવાર થાય તેવો આગ્રહ રાખ્યો હતો. વધુ ઉમેરતા યુવક યુવતીઓ તથા તેના વાલીઓ થોડીક બાંધછોડ કરી સંયુકત કુટુંબમાં દિકરી જાય અને સમાજમાં છુટાછેડા થવાના બનાવોમાં ઘટાડો થાય તેમ જણાવ્યું હતું. સાથે ઉપસ્થિત જે.સી. પટેલે કડવા પાટીદાર સમાજને યોગ, આહાર, સેલ્ફ ડેવલોપમેન્ટ જેવા



કાર્યક્રમો યોજવા માટે માનદ સેવા આપવા સંમતિ દર્શાવી હતી.

કડવા પાટીદાર સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ અને મંત્રી ભોળાભાઈ પટેલે હાજર યુવક-યુવતિઓ તથા તેના વાલીઓને જીવનસાથી કેન્દ્રમાં બાયોડેટા જોવા જોવાનો આગ્રહ રાખ્યો હતો અને જીવનસાથી કેન્દ્રના સંચાલક દ્વારકાદાસ પટેલ તથા ડૉ. ડી.એસ. પટેલે ગાંધીનગર પાટીદાર સમાજમાં ભ્રૂણ હત્યા અટકાવી બેટી બચાવો બેટી વધાવો તેમજ દરેકના ઘરે એક દિકરી હોય એવો આગ્રહ રાખ્યો હતો તથા યુવાનોને વ્યસન મુકત થવા જણાવ્યું હતું.

આ સમગ્ર સમારંભનું સંચાલન અનિલભાઈ પટેલે કર્યુ હતું. આ પસંદગી મેળાની આભારવિધિ સમાજના મહામંત્રી ભોળાભાઈ પટેલે સમાજને આવા કાર્યક્રમો માટે જરૂરી સવલતો આપવાની ખાત્રી આપી કરી હતી અને અનેક ધાર્મિક તેમજ શૈક્ષણિક કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી પસંદગી મેળામાં હાજર રહેલ સર્વેનો આભાર માન્યો હતો.

## મનપા ભ્રષ્ટાચાર વિરૂધ્ધ યુવક કોંગ્રેસ સોમવારે રેલી યોજશે

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ જીતુ રાયકા તથા ગાંધીનગર શહેર-જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ ભાવેશ દેસાઈની આગેવાનીમાં ગાંધીનગર મહાનગર પાલિકામાં ચાલતા કથિત ભ્રષ્ટાચાર વિરુધ્ધ ૩૦ જાન્યુઆરી સોમવારે ૧૦.૩૦ કલાકે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી સત્યાગ્રહ છાવણી સે-૬થી નીકળી રેલી સ્વરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા કમિશનર કચેરી જશે. રેલી ત્યાં પહોંચી ઉગ્ર દેખાવ કરી શહેરના પડતર પ્રશ્નો માટે કમિશનરને આવેદનપત્ર આપશે.

## @ગાંધીનગર

● હરીમંડળ વાવોલ દ્વારા વાવોલ હરીનગર સોસાયટી ખાતે ગીતાબેન વી. ત્રિવેદીના નિવાસસ્થાન રો હાઉસ-૪-ડી, વાવોલ ખાતે આજે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## આજે શહેરમાં વિવિધ પોલિયો બુથ દ્વારા પોલિયોની રસી પીવડાવાશે

**રોટરી કલબ દ્વારા એસ.ટી. ડેપો, અક્ષરધામ ખાતે બુથ ઉભા કરાશે : મોબાઈલ વાન દ્વારા ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી વર્ગના બાળકોને પોલિયોની રસી પીવડાવાશે**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં તા. ૨૯મી જાન્યુઆરી રવિવારે પોલિયો દિવસ ઉજવવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગરની રોટરી કલબ દ્વારા સિવિલ હોસ્પિટલની મેડીકલ ટીમ સાથે મળીને શહેરમાં વિવિધ સ્થળે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવાનું બીડું ઝડપવામાં આવ્યું છે.

વિશ્વભરમાં પોલિયોની નાબુદી માટે એક મહા અભિયાન ચલાવાઈ રહ્યું છે. હવે પોલિયોનું અસ્તિત્વ દુનિયામાં નામશેષ થવાના આરે છે. આ રોગ ફરી માથું ના ઉંચકે તે માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તકેદારીના ભાગ રૂપે સઘન પ્રયત્નો હાથ ધરાઈ રહ્યાં છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલ રોટરી કલબ દ્વારા આ અભિયાનને મજબૂત પીઠબળ પુરું પાડવામાં આવી રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ભારતને ઝીરો પોલિયોનું પ્રમાણપત્ર આપી દેવાયું છે. આમ છતાં તકેદારીના ભાગરૂપે હજુ પણ પોલિયો નાબુદી અભિયાન પ્રતિ વર્ષ ચલાવાય છે. આ અભિયાન અંતર્ગત વર્ષમાં બે વાર પોલિયોની રસી પીવડાવવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. ગાંધીનગર રોટરી કલબ દ્વારા દર વર્ષે આ અભિયાન અંતર્ગત શહેરમાં પોલિયો બુથ ઉભા કરી બાળકોને પોલિયોની રસના ટીપાં પીવડાવવામાં આવે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા તા. ૨૯મી જાન્યુઆરી પોલિયો રવિવાર અંતર્ગત શહેરમાં આ અભિયાન વ્યાપક સ્તરે ચલાવાશે. જેના ભાગ રૂપે રોટરી કલબ બે સ્થળે પોલિયો બુથની જવાબદારી ઉઠાવશે. રોટરી કલબ દ્વારા સંભાળવામાં આવનાર બે બુથમાંથી એક ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે અને એક અક્ષરધામ મંદિર ખાતે યોજાશે જયાં આવતા તમામ મુલાકાતીઓ તથા મુસાફરોના બાળકોને પોલિયોની રસીના ટીપાં પીવડાવાશે. આ ઉપરાંત શહેરમાં આવેલ તમામ ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા શ્રમજીવી પરિવારોના બાળકોને એક મોબાઈલ વાન દ્વારા પોલિયો રસી પીવડાવવાનું સઘન કાર્ય હાથ ધરાશે. તમામ કાર્યમાં રોટરી કલબના સ્વયંસેવકો સિવિલ હોસ્પિટલની મેડીકલ ટીમ સાથે ખભેખભા મીલાવી સેવાઓ આપશે.

## શહેરમાં ૩૦મીએ ગાંધીકથા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ, પેન્શનર સમાજ સે-૬ અને માનવ સેવા મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ૧૯મીએ શ્રી ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું છે. ૩૦મીના રોજ બપોરે ૩.૩૦થી ૬.૦૦ દરમિયાન શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ, ઈન્કવાયરી ઓફિસની સામે સે-૬-બી ગાંધીનગર ખાતે થશે. આ ગાંધીકથાનો પ્રારંભ ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ દીપ પ્રાગટયથી કરશે તેમજ ગીત સંગીતમાં પ્રતિભાબેન દવે, કંદર્પ ત્રિવેદી તથા યોગીન ઉપાધ્યાય સહયોગ કરશે.




જયારે પૃથ્વી બચાવાની છે પર્યાવરણને સમતુલન કરવાના પ્રયત્નો ચાલે છે અને આજે જયારે આખું વિશ્વ ગ્લોબલ વોર્મીંગના સંકજામાં છે. પૃથ્વીનો વિનાશ થઈ જશે તો પછી બીજે કયાં મનુષ્ય જીવન શકય છે. તો આ પરિસ્થિતિને પહોંચવા માટે દરેક મનુષ્ય પોતાના જીવનકાળ દરમિયાન ૧૦ વૃક્ષ ઉગાડે અને ઉછેરીને મોટા કરે તો આ ધરતી માતાનું ઋણ આપણે અદા કરી શકીએ અને ધરતીને સાચવી લઈએ તો આપણે મનુષ્ય જીવન બીજે શોધવાની જરૂર નથી.


આપણા ગાંધીનગરના ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવતને ગ્રીન ગ્લોબલ બ્રીગેડ ગુજરાત સંસ્થા દ્વારા પૂર્વ માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો અને ગ્રીન ગ્લોબલ બ્રિગેડ દ્વારા લોખંડી મહિલાનું બિરૂદ આપીને નવાજવામાં આવ્યા હતા.

# બેકારી શબ્દ જ બેકાર છે : સુમીત રાઠોડ

**કુડાસણમાં ‘study cafe’ ખોલીને અભ્યાસ કરવાની પધ્ધતિઓના નવીન ઘડતરનો પ્રયાસ કરતો ૧૯ વર્ષીય યુવાન**

ગાંધીનગર, તા.૨૮

આ શબ્દો છે માત્ર ૧૯ વર્ષના યુવાનના. જેણે હજુ સ્નાતકની ડિગ્રી પણ પ્રાપ્ત કરી નથી. બેકારી શબ્દ આજે દિવસમાં વારંવાર સંભળાતો શબ્દ છે. જેનું નામ વટાવી આજે કેટકેટલોય યુવા વર્ગ ફાવટમાં રહ્યો છે અને પોતાનો બચાવપક્ષ બનાવ્યો છે. ત્યારે ‘દ્રઢ વિશ્વાસને કશું જ નથી નડતું, બેકારી શબ્દ જ બેકાર છે’ એવું સાબિત કરતો માત્ર ૧૯ વર્ષનો સુમીત રાઠોડ છે. જેણે ગાંધીનગર નજીક કુડાસણમાં પોતાનું cafe ખોલ્યું છે. આજ સુધી આપણે અલગ અલગ પ્રકારના cafeની મુલાકાતો લીધી છે. પણ સુમીત રાઠોડે cafeને




કંઈક અલગ જ સ્વરૂપમાં ઢાળીને નવીન શરૂઆત કરી છે. જેનું નામ તેણે ‘study cafe’ રાખ્યું છે. આ cafeમાં અભ્યાસ માટેની તમામ વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેમાં હાલમાં ચાલતા વિવિધ કોર્ષ જેવા કે JEE, AIEEE, CAT, CMAT, SNAP, XAT, IELTS, ગુજકેટ, સ્પોકન ઈંગ્લીશ અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી શકે તેવા કોર્ષ પણ ડિઝાઈન આ યુવાન દ્વારા કરવામાં આવ્યા છે. ગાંધીનગર સમાચારની મુલાકાતમાં સુમીત રાઠોડે જણાવ્યું હતું કે ‘વિદ્યાર્થીઓને અભ્યાસમાં કંઈક નવીન જોઈએ છે, રોટલાને પીત્ઝા બનાવી ખવડાવો પડશે અને પચાવડાવો પણ પડશે.’ અને સૌથી મજેદાર વાત તો એ છે કે આ ‘study cafe’નું આખું ડિઝાઈનીંગ અને નવીન આઈડિયા બધું જ આ યુવાનના મગજની ઉપજ છે. આ cafe જોતા જ ઉત્સાહ અને એનર્જી મળે તે માટે તેનું ડિઝાઈનીંગ પણ ખુબ જ સુંદર કરવામાં આવ્યું છે. આ ‘study cafe’ની એકવાર મુલાકાત લઈ આ યુવાનની આવડતનો નજારો તો જોવો જ રહ્યો.

## ચક્ષુદાન મહાદાન

ગાંધીનગર, તા.૨૮

ચક્ષુદાન-મહાદાન સુત્રને ગાંધીનગર શહેરમાં રહેતા સ્વ. તારાબેને સાબિત કર્યું છે. ૨૬મીએ અવસાન પામેલ ૮૩ વર્ષના તારાબેનના પરિવારે ચક્ષુદાન કરી શહેરમાં ફરીથી ચક્ષુદાનનો મહિમા ઉજાગર કર્યો છે. તારાબેન સે-૨૩માં વિરાટનગરમાં રહેતા હતા. ૨૬મી જાન્યુઆરીએ અવસાન પામતા પરિવારની સંમતિથી તેમના ચક્ષુનું દાન ડૉ. સૌરભ અને ડૉ. પ્રસાંથી દ્વારા લેવામાં આવ્યું હતું. આ ડોકટરોએ ચક્ષુદાન માટે સેવાઓ આપી હતી. જયારે જુનિયર સિટીઝન કાઉન્સીલના હિતેષભાઈ રાવલે તથા રાજુભાઈ વાઘેલાએ પણ ચક્ષુદાનની સેવામાં મદદ કરી હતી. આ ચક્ષુદાનને અમદાવાદ ચક્ષુ બેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું સેવાકીય કાર્ય રાજુભાઈ વાઘેલાએ કર્યું હતું. તારાબેનનું આ અંતિમદાન કોઈકના જીવનમાં રંગો પુરીને તેમને અને પરિવાર માટે આશીર્વાદ બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ ગાંડાભાઈ વાળંદ, ઉ.વ. ૭૦
- સ્વ. બાબુભાઈ ટેકચંદ શાહ, ઉ.વ. ૯૫